ફોજદારી કેસ નંબર –5655–23

## આંક ૧ ચાર્જસીટ લગત હુકમ

---

કેસ પેપર્સ વંચાણે લીધા.આરોપી સામેના આક્ષેપો જોતા આ કેસમાં પુરતા પ્રયત્નો કરવા છતા લાંબા સમયથી આરોપીને પ્રોસેસની બજવણી થઇ શકતી નથી.નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર જાવકન નંબર એફ.એલ/૨૩/૨૦૧૪ નાલસા તારીખ ૨૦/ઓગષ્ટ/૨૦૧૪માં આપેલ ગાઇડલાઇન ધ્યાને લેતા તમો અદાલતને પડી રહેલ ડે ડવુડ જેવા કેસોનો ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૨૫૮ નીચે નીકાલ કરવા સુચના અપાયેલ છે તેને ધ્યાને અત્રેની કોર્ટ તેવા ડેડવુડ કેસોને આઇડેન્ટફાઇ કરી તે અંગે પ્રબ્લીકપ્રોસીક્યુટરનાં ધ્યાન પર લાવવામાં આવેલ છે.**નામદાર માનવંત સર્વોચ્ચ અદાલતે પી.રામચંદ્રરાવ વિ.કર્ણાટક રાજ્ય ૨૦૦૨ (૨) જી.એલ.આર પાના નંબર ૧૫૪૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરલે છે કે " The Criminal court should exercies their available powers ,such as those under section** 309,311,258 **of the code of criminal procedure** 1973 **to effectuate the right to speedy trial** " જે પ્રસ્તુત સિધ્ધાંતને અત્રે ધ્યાને લેતા પ્રસ્તુત કેસ જુનો છે તેમજ રેકર્ડ ધ્યાને લેતા આરોપી વારંવાર પ્રોસેસ કરવા છતા બજવણી થતી અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઇ શક્યતા જણાતી નથી.

રેકર્ડ ધ્યાને લેતા,ફરીયાદી ત.ક.અમલદાર દ્રારા પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી ,અને ૮૫ (૧)બંન્ને લગાડેલ છે પરંતુ કાયદાના પ્રબંધો ધ્યાને લેતા જ્યારે આરોપી દ્રારા નશાની હાલતમાં જાહેર સ્થળે કોઇ ઉપદ્રવ કે ઝઘડો કરે ,અસભ્ય અથવા અશિષ્ટ ભાષા વાપરે ,બીજા સાથે ગેરવર્તન કરે કે અશ્લીલ વર્તન કરે ,તેવી સ્પષ્ટ હકીકતો હોય તોજ ગુજરાત પ્રોહિબિશન (સુધારા)અધીનીયમ ૨૦૧૬ની કલમ ૮૫(૧) મુજબનો ગુન્હો બને છે.હાલમાં કેસની હકીકત ધ્યાને લેવાંમાં આવે તો આરોપીએ માત્ર નશો કરેલ હોય તેમજ ૮૫ (૧)મુજબના આવશ્યક તત્વોનો અભાવ હોય જેથી કલમ ૬૬(૧)મુજબનો ગુન્હો બને છે.જેથી ઉપરોક્ત બંન્ને કલમ એકી સાથે લાગી

શકે તેમ ન હોવાનુ જણાઇ આવે છે.જેથી આરોપીને કલમ ૮૫(૧) મુજબના ગુનામાં બિનતહોમત છોડી મુકવામાં આવે છે.

જેથી હવે ઇન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી મુશ્કેલ જણાતી હોય અને આવા ડડવુડે કેસોનો ભરાવાના કારણે ઈફેક્ટીવ ફોજદારી કેસોની ઇન્સાફી કાર્યવાહીને અસર થતી હોય આવા કેસોનુ ભારણ ઓછુ થાય અને ઈફેક્ટીવ કેસ તરફ પુરતુ ઘ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઇન્સાફી કાર્યાવીહ બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હીતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ અન્વયે આ ફોજદારી કોડની કલમ ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઇન્સાફી કાર્યાવાહી પુરાવો ઘ્યાને લીધા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આરોપી વિરુઘ્ઘ ઇન્સાફી કાર્યવાહી ક્રી.પો.કોડ ૧૯૭૩ ની કલમ ૨૫૮ અન્વયે સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે જો આરોપીએ જામીનગીરી રકમ રોકડમાં જમા કરાવેલ હોય તો તે રકમ સી.આર.પી.સી કલમ ૪૪૬ મુજબ શ્રી સરકાર ખાતે જમાં કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્ધામાલ અંગે જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને બાકી રહેલ બિનકિંમત મુદ્ધામાલ અપીલ સમય વીતે ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે જ્યારે કિમતી મુદ્ધામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સદર હુકમ આજરોજ તા.૦૯ માર્ચ સને ૨૦૨૪ ના રોજ સ્પે.સીટીંમાં વાચીને સંભળાવીને જાહેર કર્યો.**

અમદાવાદ.

તા.૦૯–૦૩–૨૦૨૪

એસ.શર્મા.

૩જા એડીશનલ જ્યુ.મેજી.ફ.ક

**અમદાવાદ (ગ્રામ્ય)નવરંગપુરા.**